સુવિચાર : કદી અહેસાન ન લેવાનો મોટો ફાયદો આ... ગમે ત્યાં જઈ શકાતું હોય છે મસ્તક ઉઠાવીને - અમૃતબિંદુ

તાપમાન
મહત્તમ : ૩૦.૨ ડીગ્રી
લઘુતમ : ૧૧.૨ ડીગ્રી
ભેજ
સવારે ૫૫ ટકા ● સાંજે ૩૫ ટકા

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૨૬૩ | ૪ ડિસેમ્બર, ૨૦૧૫, શુક્રવાર ; કારતક વદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ચેન્નાઈમાં વરસાદી કહેર : ખતરો વધશે

**ભારે તબાહીમાં અત્યાર સુધી ૨૭૦ના મોત : આગામી ૪૮ કલાક દરમિયાન ભારે વરસાદની ચેતવણી જારી : સેનાના જવાનોએ રાહત કામગીરી ઝડપી કરી, વરસાદના કારણે ૧૫૦૦૦ કરોડનું નુકશાન થયાની આશંકા : ૬ ડિસેમ્બર સુધી બંધ રહેશે ચેન્નાઈ એરપોર્ટ**







ચેન્નાઈ,તા. ૦૩

ચેન્નાઈ સહિત તમિળનાડુમાં અતિવૃષ્ટિનો કહેર આગામી ૪૮ કલાક સુધી યથાવત રહે તેવી શક્યતાના પગલે તંત્ર વધુ એલર્ટ થઈ ગયું છે. ચેન્નાઈના વિવિધ ભાગોમાં થઈ રહેલા મુશળાધાર વરસાદના કારણે મૃતાંક વધીને ૨૭૦ને પાર પહોંચી ગયો છે. જ્યારે હજારો લોકો હજુ આ કહેરથી પ્રભાવિત થયેલા છે. ચેન્નાઈમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન ૪૯ સેન્ટીમીટરથી પણ વધુ વરસાદ નોંધાઈ ચુક્યો છે. જ્યારે ચેમબરમબક્કમમાં ૪૭ સેન્ટીમીટર વરસાદ નોંધાયો છે, જ્યાં જળાશયનું આશરે ૨૫ હજાર ક્યુસેક વધારાનું પાણી આદયાર નદીમાં છોડવામાં આવ્યું છે. વરસાદના કારણે લોકોના ઘર સહિતની જીવનજરૂરી ચીજવસ્તુઓ બરબાદ થઈ ગઈ છે. આદયાર નદીના કિનારે હાઉસિંગ બોર્ડના ઘરોમાં પુરનું પાણી બીજા માળ સુધી પહુંચી જતા લોકોમાં ભારે ભયનો માહોલ સર્જાયો છે તથા શહેર તથા શહેરના અન્ય વિસ્તારોમાં રાહત અને બચાવની કામગીરીની મીટ માંડીને લોકો આગાસી પર ચઢી ગયા છે. અધિકારીઓના જણાવ્યા મુજબ, વરસાદના કારણે મહાનગર અને રાજ્યના અન્ય વિસ્તારમાં મૃતકોની સંખ્યા વધીને ૨૭૦થી વધુ થઈ ચુકી છે.તમિળનાડુના દરિયા કાંઠાના વિસ્તારોમાં ભારે વરસાદ થયો છે. છેલ્લા એક મહિનાથી તમિળનાડુમાં ભારે હાહાકાર મચી ગયો છે. રાજ્યમાં જનજીવન સંપૂર્ણપણે ખોરવાઈ ગયું છે. નવેમ્બર મહિનામાં ભારે વરસાદના કારણે જાનમાલને ભારે નુકશાન થયું છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચર સંપૂર્ણપણે ખોરવાઈ ગયું છે. સામાન્ય લોકોને હાલ રાહત નહી મળે તેવી શક્યતા છે. કારણે ઉત્તરપૂર્વ મોનસુનની સ્થિતી વધારે સક્રિય થઈ રહી છે. બચાવ અને રાહત કામગીરી હજુ યુદ્ધના ધોરણે ચાલી રહી છે. શહેરના ઘણા વિસ્તારમાં બીજા અને ત્રીજા માળ સુધી પાણી પહોંચી ગયા છે. જેના કારણે હજારો લોકો ફસાયેલા છે.આ ઉપરાંત ઘણા સ્થળોએ લોકોને પીવાનું પાણી તથા રોજબરોજની જીવન જરૂરી ચીજવસ્તુઓ પણ મળી રહી નથી જેના કારણે લોકો ભારે મુશ્કેલીમાં મુકાયા છે. એવામાં સેનાના જવાનો દ્વારા રાહત કામગીરી

● અનુસંધાન પાન-૭ પર

## ચેન્નાઈમાં જીવનજરૂરીયાતની ચીજવસ્તુઓની ગંભીર અછત

**૩૦ રૂપિયામાં મળતી ૨૦ લીટર પાણીની બોટલ ૧૫૦ રૂપિયામાં વેચાય છે : વધુ પડતા ભાવથી અસરગ્રસ્તો પરેશાન**

ચેન્નાઈ, તા. ૩

ચેન્નાઈ શહેરમાં ગઈ રાતથી વરસાદનું જોર ઘટ્યું હોવા છતાં દૂધ અને પાણી જેવી જરૂરી ચીજવસ્તુઓની ઉપલબ્ધતા પ્રભાવિત થઈ છે. જ્યારે કેટલાક વિસ્તારોમાં તો જીવન જરૂરીયાતની ચીજવસ્તુઓના વધુ ભાવ પડાવી મજબુર લોકોની ક્રૂર મશ્કરી થઈ રહી હોવાના અનેક કિસ્સાઓ બહાર આવી રહ્યા છે. વરસાદના કારણે સતત ત્રીજા દિવસે વીજળી, પરિવહન અને ટેલિફોન સેવાઓ સૌથી વધુ પ્રભાવિત થઈ છે. કેટલાક સ્થળોએ દૂધની એક થેલી ૧૦૦ રૂપિયામાં, તો ટામેટા અને ફળી જેવા શાક ૮૦થી ૯૦ પ્રતિ કિલોના ભાવે વેચાઈ રહ્યા છે.

રાજ્ય વિદ્યુત બોર્ડે તકેદીરાના પગલારૂપે વીજ પુરવઠો બંધ કરી દીધો છે. જેના કારણે ચેન્નાઈ શહેર અને તેની આસપાસના વિસ્તારોમાં રહેતા લોકોને અંધારપટનો સામનો કરવો પડી રહ્યો છે અને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. કેટલાક સ્થળોએ જ્યાં દૂધનું વિતરણ થઈ રહ્યું છે ત્યાં લોકોની ખૂબ

● અનુસંધાન પાન-૭ પર

## પુરગ્રસ્ત વિસ્તારનું વડાપ્રધાન દ્વારા હવાઈ નિરીક્ષણ



**કેન્દ્ર સરકારે તમિળનાડુને એક હજાર કરોડની સહાયની જાહેરાત કરી**

ચેન્નાઈ,તા. ૦૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે તમિળનાડુના પુરગ્રસ્ત વિસ્તારોનું હવાઈ નિરીક્ષણ કર્યું હતું અને ભારે વરસાદ અને પુરથી સર્જાયેલા તબાહીના દશ્યો સામે સંવેદના વ્યક્ત કરી હતી અને પુરથી બેહાલ તમિળનાડુ માટે રૂપિયા એક હજાર કરોડની આર્થિક સહાયતા જાહેર કરી હતી. વડાપ્રધાને તમિળનાડુના મુખ્યમંત્રી જયલલિતા સાથે પણ મુલાકાત કરી હતી અને કેન્દ્ર સરકાર આ સંકટની ઘડીમાં તમિળનાડુની પ્રજા સાથે છે તેવી હૈયાધારણા આપી હતી. તેમજ તમામ પ્રકારની જરૂરી સહાય પુરી પાડવાની પણ ખાતરી આપી હતી. કેન્દ્ર સરકારે આ અગાઉ આપેલી ૯૪૦ કરોડની સહાયથી વધારાના એક હજાર કરોડ રૂપિયા આપ્યા છે તેવી કેન્દ્રએ સ્પષ્ટતા પણ કરી હતી.

દરમિયાન હવામાન વિભાગે આગામી ૪૮ કલાકમાં ચેન્નાઈમાં હજુ પણ ભારે વરસાદની આગાહી કરી છે. ચેન્નાઈ શહેરમાં ૪૦ ટકાથી વધુ ટેલિફોન કામ કરી રહ્યા નથી.

## અમેરિકામાં પુનઃ ગોળીબાર, ૧૪ લોકોના મોતથી ચકચાર



**બે હુમલાખોરોને ઠાર કરી દેવાયા**

**કેલિફોર્નિયાના સેન બર્નાડિનોમાં ગોળીબાર**

સેન બર્નાડિનો, તા. ૩

અમેરિકાના કેલિફોર્નિયા શહેરના સેન બર્નાડિનોમાં આજે ફરી એકવાર ફાયરિંગની ઘટનાએ સમગ્ર શહેરને હચમચાવી દીધું છે. અમેરિકાના કેલિફોર્નિયા શહેરના સેન બર્નાડિનોમાં એક સોશિયલ સર્વિસ એજન્સીના કોમ્યુનિટિ સેન્ટર ખાતે કેટલાક અજાણ્યા હુમલાખોરોએ અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો. આ ગોળીબારમાં ઓછામાં ઓછા ૧૪ લોકોના મોત થયા છે, જ્યારે ૧૫થી વધુ લોકો ઘાયલ થયા છે. જ્યારે બીજીબાજુ હુમલાની જાણ થતાં અમેરિકન પોલીસ તથા સુરક્ષા દળો તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને જવાબી કાર્યવાહી કરી બે હુમલાખોરોને મોતને ઘાટ ઉતાર્યા હતા. બીજીબાજુ અમેરિકન પોલીસે આ હુમલો આતંકવાદી હોવાનું નકારી કાઢ્યું હતું. હુમલા અંગે અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ બરાક ઓબામાએ દુઃખ વ્યક્ત કરી હુમલાને કડક શબ્દોમાં વખોડી કાઢ્યો હતો. અમેરિકામાં છેલ્લા કેટલાક સમયથી અવાર-નવાર ફાયરિંગની ઘટનાઓ સામે આવતી રહી છે. ત્યારે ફરી એકવાર ફાયરીંગની ઘટનાથી લોકોમાં ભયનો માહોલ ઉભો થઈ ગયો છે.

## નરેન્દ્ર મોદી ઈમાનદાર નેતા : ઓબામા



**વ્હાઈટહાઉસે નિવેદન બહાર પાડીને અમેરિકી રાષ્ટ્રપતિ ઓબામાનો વડાપ્રધાન મોદી પ્રત્યે અહોભાવ વ્યક્ત કર્યો**

વોશિંગ્ટન,તા. ૦૩

ભારતીય વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે અનેક પ્રસંગો ઉપર મુલાકાત કરી ચુકેલા અમેરિકી રાષ્ટ્રપતિ બરાક ઓબામા ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ભરપેટ વખાણ કરતા થાકતા નથી. તેઓ વડાપ્રધાન મોદીને એક ઈમાનદાર અને ભારત માટે સ્પષ્ટ દ્દષ્ટિકોણ ધરાવનાર નેતા તરીકે ગણાવે છે. વ્હાઈટ હાઉસે તાજેતરમાં એક નિવેદન જારી કરીને અમેરિકી રાષ્ટ્રપતિ બરાક ઓબામાનો ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી પ્રત્યેનો અહોભાવ વ્યક્ત કરતા જણાવ્યું છે કે, રાષ્ટ્રપતિ ઓબામાની જ્યારે જ્યારે પણ વડાપ્રધાન મોદી સાથે મુલાકાત થઈ છે ત્યારે દરેક પ્રસંગે તેમને મોદીને એક ઈમાનદાર, સ્પષ્ટ અને તથ્યો ઉપર સારી પકડ રાખનાર નેતા તરીકે જોયા છે. નિવેદનમાં એમપણ જણાવાયું છે કે, મોદીને વિવિધ મુદ્દાઓની ઊંડી સમજ છે અને તેઓ ભારત-અમેરિકાના સંબંધોની મજબુતિ માટે કામ કરી રહ્યા છે.

વ્હાઈટ હાઉસના પ્રેસ સચિવ જોશ અર્નેસ્ટે બુધવારે દૈનિક સંવાદદાતા સંમેલનમાં કહ્યું હતું કે, અમેરિકી રાષ્ટ્રપતિને વડાપ્રધાન મોદીમાં એક ઈમાનદાર અને સાફ દ્દષ્ટિકોણવાળા રાજપુરુષ નજરે આવે છે. જે તથ્યો ઉપર સારી પકડ ધરાવે છે.

સોમવારે પેરિસમાં સંયુક્ત જળવાયુ શિખર સંમેલન દરમિયાન ઓબામા અને મોદી વચ્ચે મુલાકાત થઈ હતી. જે ગત વર્ષ સપ્ટેમ્બરમાં થયેલી મુલાકાત બાદ બન્ને નેતાઓ વચ્ચે આ છઠ્ઠી મુલાકાત હતી. અર્નેસ્ટે કહ્યું કે, નરેન્દ્ર મોદી એક એવી શખ્સિયત છે કે જેઓ દેશની દિશાને અનુલક્ષી સ્પષ્ટ દ્દષ્ટિકોણ ધરાવે છે. જે તેમને ન એક માત્ર પ્રભાવશાળી નેતા પરંતુ એક પ્રભાવશાળી વડાપ્રધાનના રૂપમાં પ્રસ્તુત કરે છે.

## દેશના ૪૩માં મુખ્ય ન્યાયાધીશ તરીકે જસ્ટીસ ઠાકુરની વરણી



નવી દિલ્હી,તા. ૩

દેશની સર્વોચ્ચ અદાલતના વરિષ્ઠ ન્યાયમૂર્તિ જસ્ટીસ ટીએસ ઠાકુરે આજે દેશના ૪૩માં મુખ્ય ન્યાયાધીશ તરીકે શપથ ગ્રહણ કર્યા હતા. મુખ્ય ન્યાયાધીશ પદ પરથી નિવૃત્ત થયેલા જસ્ટીસ એચએલ દત્તુના વિદાય સમારોહમાં મુખ્ય ન્યાયાધીશ ઠાકુરે જણાવ્યું હતું કે, સુપ્રીમ કોર્ટમાં પડતર ૫૮ હજાર કેસનો વહેલી તકે ઉકેલ લાવવો એ તેમના માટે મોટો પડકાર રહેશે અને આ કેસોના ઉકેલ માટે તેઓ વિશેષ કાર્યરચનાને અગ્રસ્થાને રાખશે. જસ્ટીસ તીરથસિંહ ઠાકુરની ૧૯૯૪માં જમ્મુ-કાશ્મીર હાઈકોર્ટના વધારાના ન્યાયાધીશ તરીકે પ્રથમવાર વરણી થઈ હતી. આ અગાઉ તેઓ લાંબા સમય સુધી જમ્મુ-કાશ્મીર હાઈકોર્ટમાં જ પ્રેક્ટીસ કરતા હતા.

આ ઉપરાંત ૧૯૯૪માં જસ્ટીસ ઠાકુરની કર્ણાટક હાઈકોર્ટના ન્યાયાધીશ તરીકે નિમણૂંક કરવામાં આવી હતી. ત્યારબાદ જુલાઈ ૨૦૦૪માં તેમની દિલ્હી હાઈકોર્ટમાં નિમણૂંક થઈ હતી. જ્યાં તેઓએ એપ્રિલ ૨૦૦૮ સુધી કાર્યકારી મુખ્ય ન્યાયાધીશ તરીકે ફરજ બજાવી હતી. તેઓને સિવિલ અપરાધિક, બંધારણીય અને ટેક્સ બાબતોના નિષ્ણાંત માનવામાં આવે છે.

## આવતીકાલથી રાજ્યભરમાં મતદારયાદી સુધારણા ઝુંબેશ

**૬ અને ૧૩ ડિસેમ્બરના રોજ ખાસ સઘન ઝુંબેશ કરાશે : ૫મીએ મતદારયાદીની પ્રાથમિક પ્રસિદ્ધિ કરાશે : ૧૨ જેટલા નિરીક્ષકો નિમવાની કવાયત પણ ચૂંટણી પંચે હાથ ધરી છે**

ગાંધીનગર, તા. ૩

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ સંપન્ન થતાં જ કેન્દ્રીય ચૂંટણી પંચે મતદારયાદી સુધારણા ઝુંબેશનો કાર્યક્રમ ૫મી ડિસેમ્બરથી ૨૦ ડિસેમ્બર સુધી હાથ ધરવાનો નિર્ણય કર્યો છે.

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ જાહેર કરતાં જ કેન્દ્રીય ચૂંટણી પંચે મતદારયાદી સુધારણાનો કાર્યક્રમ સ્થગિત કરી દીધો હતો. હવે ૫મી ડિસેમ્બરથી આ કાર્યક્રમ એક પખવાડિયા માટે હાથ ધરવામાં આવશે.

૧-૧-૨૦૧૬ની સ્થિતિએ ૧૮ વર્ષ પૂર્ણ કરનાર નવા મતદારોની નોંધણી, મતદારયાદીમાં સુધારણા, સ્થળાંતરિત કરનાર મતદારો માટે પણ અરજીઓ આ ઝુંબેશ દરમ્યાન સ્વીકારવા ઉપરાંત નામો રદ કરવા માટેની અરજીઓ લેવામાં આવશે.

મતદારયાદી સુધારણા ઝુંબેશ માટે કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા ૧૨ જેટલા સનદી અધિકારીઓની નિરીક્ષક તરીકે નિમણુંક કરવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો છે.

મળતી વિગતો પ્રમાણે ૫મી ડિસેમ્બરના રોજ મતદારયાદીની પ્રાથમિક પ્રસિદ્ધિ કરવામાં આવશે. આ ઉપરાંત તા. ૬ ડિસેમ્બર અને ૧૩ ડિસેમ્બરના રોજ સઘન મતદારયાદી સુધારણા ઝુંબેશના ભાગરૂપે બી.એલ.ઓ. મતદાન મથકે હાજર રહી અને નામ નોંધણી સહિતના ફોર્મ સ્વીકારાશે.

તાજેતરમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં મતદાર યાદીને લઈ થયેલા ભારે હોબાળાને કારણે આ ઝુંબેશ ઘણી મહત્વની લેખવામાં આવી રહી છે.

કેન્દ્રીય ચૂંટણી પંચે આ ઝુંબેશને લઈ રાષ્ટ્રીય સ્તરે નોંધાયેલા રાજકીય પક્ષો સાથે રાજ્ય સ્તરે અને

● અનુસંધાન પાન-૭ પર

બેઠક : નિસર્ગની નિરાંત અને અદ્યતન સુવિધામાં મનોમંથન...
YOUR OWN Resort
૧૦૦ની ક્ષમતાનો કોન્ફરન્સ હોલ

નિરવતાનો રવ...
bansari Greens
week-end home
ગ્રામભારતી પાસે, અલુવા, ગાંધીનગર-મહુડી રોડ
ફોન – (02764) 261181 / 82 | 99249 31224 | 98258 03299

હોટલ પથિકાશ્રમ
પાર્ટી પ્લોટ
લગ્ન પ્રસંગ તથા શુભ પ્રસંગોની ઉજવણી માટેનું ઉત્તમ સ્થળ
• ગુજરાતી થાળી • મલ્ટી ક્યુઝન રેસ્ટોરન્ટ
• કાફે (24x7) • બેન્કવેટ્સ • રૂમ્સ (A.C/Non A.C)
98258 01780/82

Master Mind Maths
Raval institute
Master Mind Maths
Semister-2
Std : 8-9-10
Sub : Maths - Science
Fees : Rs. 5000/-
"ગણિત તો રાવલ સરનું જ"
Branch - 1 : Sec-22
Branch - 2 : Sec-2
Bhavik Raval
M - 72848 22342